# બાયડ તાલુકા પંચાયતમાં વિવિધ ગ્રાન્ટના થયેલા કામોમાં કરોડોના ભ્રષ્ટાચારની બુમ





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૧૬

ભારત દેશ ના વડા પરધાન નરેન્દ્ર મોદી એ હુ ખાતો નથી અને ખાવા દેતો નથી તેવુ એક સુત્ર બહાર પાડયુ હતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા ભારત દેશ ને ભ્રષ્ટ્રાચાર મુકત ભારત બનાવાનુ મીશન ઉપાડયુ છે ત્યારે અરવલ્લી જીલ્લા ના બાયડ તાલુકા પંચાયત માં ઉલટી જ ગંગા ચાલે છે.

તાલુકા પંચાયતમાં વર્ષ ૨૦૧૫ અને ૧૬માં વિવીકાધીન યોજના ની ગ્રાન્ટ માં થી ફળવાયેલા કામો અને વર્ષ ૨૦૧૨ ૧૩ અને ૧૪ અને ૧૫ માં ફળવાયેલા વિકાસ ના કામો માં એક કરોડ ૨૫ લાખના મસમોટા ભ્રષ્ટ્રાચાર ની બુમ ઉઠતા ખળભળાટ મચી જવા પામ્યો છે જયારે આ મામલે બાયડ શહેર કોગ્રેસ પ્રમુખ અને બાયડ નગરપાલિકા ના વિરોધપક્ષના નેતા હર્ષદભાઈ પટેલે આ ખબાબતે ગુજરાત રાજય ના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ અરવલ્લી જીલ્લા કલકેટર ને આ ભ્રષ્ટ્રાચાર બાબતે લેખીત માં રજુઆત કરવામાં આવીછે.

## વર્ક ઓર્ડર મળ્યા વગર કરવામાં આવેલા કામો

બાયડ તાલુકા પંચાયતમાં રૂપીયા ૧ કરોડ ૨૫ લાખનો મસમોટો ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવ્યો છે ત્યારે આ ભ્રષ્ટાચારની પોલ ખોલનાર બાયડ શહેર કોગ્રેસના પ્રમુખે જણાવ્યુ હતુ કે આ માનીતા કોન્ટ્રાકટર ધ્વારા સરકારી નીયમોને નેવે મુકીને વર્ક ઓર્ડર મળ્યા વગર બાયડ તાલુકા પંચાયતના તાબામાં આવતી દેસાઈપુરા ગ્રામ પંચાયતમાં રામનગર સીસી રોડ તેમજ નારાયણ નગરમાં ગટરલાઈન તેમજ ઉટરડા પંચાયતમાં વરસાદી પાણીના નીકાલની ગટર લાઈન જગાજીની મુવાડી પંચાયતમાં કાન્તીસીહના ઘરેથી મેળસિંહના ઘર સુધીનો સીસી રોડ તેમજ એટીવીટી યોજનાની ૨૦૧૫-૧૬ ની ગ્રાન્ટમાંથી વહીવટી કામોની મંજુરી ન આવવા છતા પણ કામો શરૂ કરી પુર્ણ કરી દીધેલ છે.

## તાલુકા પંચાયતના માનીતા કોન્ટ્રકટરને જ ૧ કરોડ ૯૭ લાખના કામો ફાળવાયા

બાયડ તાલુકા પંચાયતમાં રૂપીયા ૧ કરોડ ૨૫ લાખનો મસમોટો ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવ્યો છે તેવી ગુજરાત રાજયના મુખ્યમંત્રી અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા કલકેટરને રજુઆત કરવામાં આવતા બાયડ તાલુકામાં આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બનવામાં આવે છે. ત્યારે આ ભ્રષ્ટાચારની પોલ ખોલનાર બાયડ શહેર કોગ્રેસના પ્રમુખે જણાવ્યુ હતુ કે વિવિકાધીન ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયતના સત્તાધિશો ધ્વારા માનીતા એક કોન્ટ્રાકટરને ૧ કરોડ ૯૭ લાખના કામો ફાળવી આપવામાં આવ્યા હતા. જેમાં(૧) ઉટરડા ગ્રામ પંચાયત ૧૦.૫૦ લાખ (૨) દેસાળપુરા પંચાયત ૧૦ લાખ (૩) ઈન્દ્રાણ પંચાયત ૬ લાખ (૪) રમોસ પંચાયત ૧૩ લાખ (૫) આમોદરા પંચાયત ૧૨ લાખ (૬) બીબની વાવ પંચાયત ૫ લાખ (૭) માધવકંપા પંચાયત ૮ લાખ (૮) સાઠંબા પંચાયત ૩ લાખ (૯) ડાભા પંચાયત ૧.૫૦ લાખ (૧૦)ડેરીયા ચાંપલાવત જાલમપુરા પીપોદરા વાસણા મોટામાં અનુક્રમે ૪ લાખ, ૨ લાખ, ૩ લાખ એમ કુલ મળી એક જ કોન્ટ્રાકટરને કરોડો રૂપિયાના કામો ફાળવી દેવામાં આવ્યા છે. જયારે ૧૩મા નાણાપંચની ગ્રાન્ટમાંથી અધ્યક્ષ સ્થાનેથી પણ રૂપીયા ૩૫ લાખ ૨૦૧૨ અને ૧૩ દરમ્યાન ૨૧ લાખ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન ૨૦ લાખ રૂપીયા પણ આ એક જ કોન્ટ્રકટરને ફાળવી દેવામાં અવ્યા છે. ત્યારે અહિયા પ્રશ્ન એ ઉભો થયા છે કે શુ આ કોન્ટ્રાકટર સિવાય બીજા કોઈ કોન્ટ્રાકટર જ નથી ? કે પછી આ કોન્ટ્રાકટર ધ્વારા નવૈધ પધરાવામાં આવે છે ? કે પછી આ કોન્ટ્રકટર મોટી રાજકીય વગ ધરાવે છે તે એક ચર્ચાનો વીષય છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લા માં બાયડ તાલુકા પંચાયત ના તાબા હેઠળ આવતી કેટલીક ગ્રામ પંચાયતો માં સરકાર ધ્વારા વિકાસ ના કામો કરવા માટે વિવેકાધીન યોજના તેમજ ૧૩ માં નાણા પંચ ની ગ્રાન્ટ માં થી વિકાસ ના કામો ફાળવી આપવા માં આવ્ઝયા હતા પરંતુ આ કામો માં બાયડ તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષ ધ્વારા જાણે બાયડ તાલુકા પંચાયત કચેરી પંજાબી ભાષા બોલતી હોય તે કારોબારી અધ્યક્ષ અને કર્મચારીઓ ધ્વારા તેમ એક જ માનીતા કોન્ટ્રાકટર ને મોટાભાગ ના કામો પંચાયતોના સરપંચ નો સર્પક કરી ફાળવી દેવામાં આવ્યા હતા.

જયારે આ કામો માં હજુ સુધી આ કામ કરવાના વર્ક ઓડર મળ્યા ના હોવા છતા તેમજ આ કામો કેટલા રૂપીયા ના છે તે બાબત ના એસ્ટીમેટ પણ ના બન્યા હોવા છતા આ તાલુકા પંચાયત ના માનીતા કોન્ટ્રાકટર ધ્વારા ૭૦ ટકા જેટલા કામો વર્કઓડર મળ્યા પહેલા પુર્ણ કરી દેવામાં આવ્યા છે જયારે નિયમ મુજબ આ કમો કરતાં પહેલા વર્કઓડર મળ્યા પછી જ કામ ચાલુ કરવાનુ હોય છે અને જે સ્થળે કામ ચાલુ હોય ત્યાં અધિકારીઓ ધ્વારા ઈસ્પેકશન કરવામાં આવતુ હોય છે અને કેવી ગુણવત્તા નુ મટીરયલ વાપરવામાં આવે છે તેનુ ધ્યાન રાખવામાં આવે છે

પરંતુ અહિયા તમામ નિયમો ને કોન્ટ્રાકટર ધ્વારા નેવે મુકી ને વર્ક ઓડર મળ્યા પહેલા જ આ મંજુર થયેલા કામો માં થી ૭૦ ટકા જેટલા કામો પુર્ણ કરી દઈ રૂપીયા ૧ કરોડ ૨૫ લાખ ના ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવ્યો છે તેવી બાયડ શહેર કોગ્રેસ પ્રમુખ અને નગરપાલિકા ના વિરોધપક્ષ ના નેતા હર્ષદધાઈ પટેલ ધ્વારા કલેકટર કચેરી માં રજુઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે હર્ષદધાઈ પટેલ ધ્વારા વર્કઓડર મળ્યા વગર કઈ ગ્રમ પંચાયતો માં કેટલા રૂપિયાનુ કામ કરવામાં આવ્યુ છે તેની યાદી પણ રજુ કરવામાં આવી છે જયારે અરજદાર ધ્વારા એવી પણ રજુઆત કરવામાં આવી છે કે એટીવીટી યોજના અર્તગત ૨૦૧૫ અને ૧૬ રૂપીયા ૬૦ લાખના કામો ની યાદી સદસ્યો પાસેથી અગાઉથી મેળવી કામો ચાલુ કરી દેવામાં આવ્યા છે તેમજ બીજો આક્ષેપ એવો કરવામાં આવ્યો છે કે કોન્ટ્રકટર ની મીલીભગત ના કારણે સદસ્યો ધ્વારા આ કોન્ટ્રકટર ને જે પંચાયત માં કામ મળે છે તેવી જ પંચાયતો માં તમામ કામ ફાળવવામાં આવેલ છે.

જયારે ૧૪ જેટલી પંચાયતો માં કામ જના ફાળવવા માં આવતા આબાબતે આ પંચાયત ના પ્રમુખો ધ્વારા અરવલ્લી જીલ્લા ભાજપા ના પ્રમુખ ને રજુઆત કરતાં પ્રમુખશ્રીએ બાકી રહેલી ગ્રમ પંચાયતો ને ૧.૫૦ હજાર ના કામો ફાળવી આપવામાં આવ્યા હતા ત્યારે આ મામલે જીલ્લા કલકેટર એસ. છાકછુઆક ધ્વારા વિજીલન્સ તપાસ કરવામાં આવે તો મસમોટુ કોભાંડ બહાર આવે તેવી શકયતાઓ છે જયારે શહેર કોગ્રેસના પ્રમુખ હર્ષદભાઈ ધ્વારા ચોકવનારો એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તાલુકા પંચાયત ના અધ્યક્ષ ધ્વારા લેવામાં આવેલી ભ્રષ્ટ્રાચાર ની રકમ માંથી એક સ્વીફટ ગાડી પણ વસાવેલ છે ત્યારે હવે આ અંગે અરવલ્લી જીલ્લા કલકેટર ધ્વારા અને જીલ્લા વિકાસ અધિકારી શુ પગલા ભરવામાં આવે છે તે તો આવનારો સમય જ બતાવશે?????

**વર્ક ઓર્ડર અને એસ્ટીમેટ બન્યા વગર પંચાયતો માં કામો ચાલુ કરી દેવામાં આવ્યા : તાલુકા પંચાયતના માનીતા એક જ કોન્ટ્રાકટર ધ્વારા આચરવામાં આવેલુ કૌભાંડ : વર્ક ઓડર મળ્યા વગર જે પંચાયતોમાં કામ કરવામાં આવ્યુ છે તે બધી વિગત મેળવી એફઆઈઆર કરવા કલેકટરમાં રજુઆત કરવામાં આવી**

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી માધ્યમ ધોરણ.૧,ધોરણ.૯ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૧૮/૬/૨૦૧૫ને ગુરૂવારના રોજ આનંદ,ઉત્સાહભેર યોજાયો હતો.વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી,મોઢું મીઠુ કરાવી મીઠાઈ ખવડાવી ઉમળકાભેર અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ,સહમંત્રી નયનાબેન બારોટ,યુવાન અને ઉત્સાહી ટ્રસ્ટી મીતુલકુમાર બારોટ,દેવાંગકુમાર બારોટ તેમજ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ,આચાર્ય ટી.કે.પરમાર,સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા.અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વચન પાઠવ્યા હતા.ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટએ જણાવ્યું હતું કે અક્ષર ઈન્ટરનેશનલ સ્કલના વિદ્યાર્થીઓને વિશ્વના ફલક ઉપર મુંકવા માંગુ છું ત્યારે ઉપસ્થિત વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## મહેસાણા શહેરમાં શાળા પ્રવેશોત્સવ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં ૧૮ જૂન ૨૦૧૫ થી ૨૦ જૂન ૨૦૧૫ દરમિયાન શહેરી કક્ષાનો શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કરાવ્યો હતો. આરોગ્યમંત્રીશ્રીએ પ્રથમ દિવસે નાગલપુર કુમાર અને કન્યા તેમજ દેદિયાસણ જી.આઈ. ડી. સી.ના બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની તમામ શાળાઓને પ્રાથમિક અને માળખાકીય સુવિધાથી સજ્જ કરાઈ છે. રાજ્યમાં બાળકોને પ્રોત્સાહન મળે તેમજ શિક્ષણની ગુણવત્તા સ્તરમાં વધારો થાય તે હેતુથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો. શિક્ષણના આ સેવાયજ્ઞને રાજ્યના મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે અવિરત ચાલુ રાખ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સરકાર અને પ્રજાના સહયોગથી વિકાસ શક્ય છે. પ્રજાના સહયોગથી ગ્રામીણ શાળા પ્રવેશોત્સવમાં સમગ્ર ગુજરાતમાં ૧૫ કરોડ રૂપિયાનું દાન દાતાશ્રીઓ તરફથી વિવિધ સ્વરૂપે મળેલ છે. મંત્રીશ્રીએ ૨૧ જૂને ૨૦૧૫ના રોજ યોજાનાર યોગ શિબિરમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા કલેક્ટરશ્રી લોચન સેહરાએ જણાવ્યું હતું કે ગુણોત્સવમાં સમગ્ર રાજ્યમાં મહેસાણા જિલ્લો અગ્રેસર રહ્યો છે. શાળા પ્રવેશોત્સવના માધ્યમથી ડ્રોપ આઉટ રેશીયો શુન્ય સુધી લઈ જવાની મથામણ સરકારશ્રી દ્વારા થઈ રહી છે. આ ઉપરાંત સો ટકા નામાંકનની દિશામાં આપણે આગળ વધી રહ્યા છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં



સ્વાગતગીત, પ્રાર્થના ગીત, બાળકો દ્વારા સ્વચ્છતા, પાણી બચાવો, વૃક્ષો વાવો પર અમૃતવચન રજુ કરાયા હતા. આ ઉપરાંત બાળકો દ્વારા વિવિધ યોગના આસનો રજુ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી અને નગરપાલિકા પ્રમુખશ્રીએ યોગ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મંત્રીશ્રી તેમજ મહાનુભાવો દ્વારા આંગણવાડી, ધોરણ૧ અને ધોરણ-૯ના બાળકોનું કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ કીટ આપી પ્રવેશ કરાવ્યો હતો. શાળાના તેજસ્વી બાળકોનું સન્માન અને શિષ્યવૃત્તિ મેળવતા બાળકો ચેક અર્પણ કરાયા હતા. બાળકોને પાઠ્ય પુસ્તકોનો સેટ અર્પણ કરાયો હતો. શાળામાં અભ્યાસ કરેલ વયોવૃદ્ધ વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળામાં દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી રોહિત પટેલ, પુર્વ ચેરમેન અંબાલાલ પટેલ, જી.આઈ.ડી.સી. એસોસિએશન પ્રમુખ જી.કે. પટેલ, ગુજરાત નગર પરિષદના પોપટલાલ પટેલ, અગ્રણી કૌશિક વ્યાસ, જિલ્લા શિક્ષણાધિકારી અરવિંદસિંહ ગોહિલ, જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, શહેરીજનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજના મોટી પંડુલી ગામે કારમાંથી પોણા બે લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ગુજરાતમાં દારૂબંધી અમલમાં હોવા છતાં ગુજરાતના કોઈ પણ ખૂણે વિદેશી દારૂ સહેલાઈથી ઉપલબ્ધ થઈ જાય છે. આંતર રાજ્ય બુટલેગરો અને સ્થાનિક બુટલેગરો દ્વારા દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગુજરાતમાં યેનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ હોય છે. આજે બપોરે ઈસરી પોલીસે વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂ-ઈરટીગા કાર ઝડપી પાડ્યા હતા. બુટલેગર કાર મુકી ફરાર થઈ ગયા હતા.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી પોલીસે આજે સવારથી રાજસ્થાન તરફથી આવી રહેલા તમામ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતુ. આજે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ રાજસ્થાન તરથી આવી રહેલી મારૂતિ ઈરટીગા કારમાં વિદેશી દારૂ ભરી ગેરકાયદેસર રીતે ગુજરાતમાં ઘુસાડવાની ફિરાકમાં હતો ત્યારે ઈસરી પોલીસને જોઈને ઈરટીગા કાર ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. ઈશરી પોલીસે ઈરટીગા કારની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂની અલગ-અલગ કંપનીની ૭૫૦ એમ.એલ.ની નંગ-૩૨૪ બોટલ અને બીયરના ટીન નં. ૬૨૪ મળી કુલ ૯૪૮ બોટલો રૂ. ૧૯,૨૦૦૦નો વિદેશી દારૂ ગેરકાયદેસર વગર પાસ પરમીટનો મળી આવ્યો હતો. ઈસરી પોલીસે વિદેશી દારૂ રૂ. ૧,૯૨,૦૦૦ અને મારૂતિ ઈરટીંગા કાર કિંમત રૂ. ૮૦૦૦૦૦ મળી કુલ ૯,૯૨,૦૦૦ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ઈસરી પોલીસે વિદેશી દારૂ અને કાર જપ્ત કરી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પાલનપુરની ઐતિહાસિક મીઠી વાવની સફાઈ કરાઈ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરની ઐતિહાસિક મીઠી વાવની લાંબા સમય બાદ અનેક રજુઆત બાદ સફાઈ કરવામાં આવી હતી. પાલનપુર સ્ટેટના નવાબના સમયે વર્તમાન પાલનપુર ખાતે ઐતિહાસિક મીઠી વાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ વાવમાં છેલ્લા ઘણા સમયથી ગંદકી અને કચરાના ઢગ ખડકાતા તેની જાળવણી સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા થયા હતા. આથી સ્થાનિકોએ આ વાવની સફાઈ માટે અનેક રજૂઆતો કરતા આજે સ્થાનિક સફાઈ કર્મીઓ દ્વારા સફાઈ કરી વાવને સ્વચ્છ અને સુંદર બનાવાઈ હતી.

**રક્તદાન મહાદાન**



પ્રવેશોત્સવ - સરકાર ધ્વારા દર વરસે ઉનાળુ વેકેશન બાદ નવા ધોરણ માં પ્રવેશતા બાળકો માટે પ્રવેશોત્સવ ઉજવવા માં આવે છે જેમાં બાયડ તાલુકા ની વારેણા પ્રાથમિક શાળા માં પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે નીરવ ભાઈ એગ્રી કલ્ચર વિભાગ માંથી હરેશ ભાઈ સી આર સી બાયડ એ ડી આઈ સંકર ભાઈ પટેલ માનસિંહ એસ એમ સી ચેરમેન તેમજ વારેણા ગામના સરપંચ તેમજ શાળા ના આચાર્ય ઝુબેદાબેન મિર્ઝા તેમજ શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાા હતા .


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦